શ્રી ગ

સત્ય બોલવાની કળા.

લખનાર—મહાત્મા.

છપાવી પ્રગટ કરનાર.

ચીમનલાલ ગોકળદાસ મહેતા.

ઠે. હરીપરા—સુરત.

આવૃત્તિ પહેલી — પ્રત ૧૦૦૦

સંવત [illegible] — ([illegible])

કીમત ૦—૧—૦ (એક આનો.)

શ્રી શં

'સત્ય બોલવાની કળા'

લખનાર મહાત્મા.

પ્રગટ કરનાર.

શાઠ વીઠલદાસ ગોકળદાસ મહેતા.

આવૃત્તિ પહેલી—પ્રત ૧૦૦૦

" દેશી મિત્ર " એન્જીન પ્રીન્ટીંગ પ્રેસમાં મગનલાલ કીકાભાઇએ છાપી સોનીફળીઆ નં૦ ૨૦-સુરત.

કીંમત ૦-૧-૦

" सत्य बोलवानी कळा. "

सत्यमेवेश्वरोलोके सत्येधर्म्मः सदाश्रितः
सत्यमूलानिसर्वाणि सत्यान्नास्तिपरंपदम्.

અર્થ—આ લોકમાં **સત્ય** એજ ઈશ્વર છે, અને સત્ય વિષેજ ધર્મ સ્થિર રહે છે, અને સત્ય એજ સર્વનું મૂળ છે, તથા સત્યથી શ્રેષ્ટપદ કોઈ નથી.

ઉપરોક્ત વાક્યથી એજ સિદ્ધ થાય છે, કે **સત્ય** સર્વનું શિરોમણિ છે. અને સર્વ પ્રકારનું સર્વનું સર્વોત્તમ હિત કરનાર છે. અને તેટલા – માટેજ વેદમાં આજ્ઞા છે કે, " सत्यंवद " સત્ય બોલ. વૈદ્યની રાઇના દાણા કરતાં પણ નાની ગોળી પોતાના કરતાં કરોડો ગણા મનુષ્યના મહાન શરીરમાં અનેક પ્રકારના ફાયદા કરે છે, તે સમજેજ તેના મહાન ગુણનું સ્વરૂપ નજરે આવે છે, તેમ આ ચાર્જ–અરે સાડાચાર અક્ષરના મહાવાક્યરૂપ જગતપતિની લઘુ ગોળીમાં કેટલી શક્તિ અને કેવા ગુણ રહેલા છે, તે એનું સેવન કર્યા વિના સમજાય તેમ નથી. જો ધૈર્ય—તા પૂર્વક આનું સેવન કરવામાં આવે તો સર્વ પ્રકારના રોગનું મૂળ જે અજ્ઞાન તે નાશ પામે, અને જ્યારે મૂળજ નાશ પામે તો પછી શાખા કોના આધારે નીકળે ? એટલે સર્વ પ્રકારના રોગથી રહિત થાય એટલુંજ નહિ પણ સંસારનાં સ-

મગ્ર પ્રાણી જે સુખને માટે જુદી જુદી દિશામાં જુદા જુદા રસ્તાપર જે ફાંફાં મારે છે છતાં પણ તેમને મળતું નથી, તે સહજમાં આવીને પ્રાપ્ત થાય. માટે વેદઆજ્ઞા જે "**સત્ય**" તેનું સેવન કરવાની અર્થાત્ સત્ય બોલવાની જેને – આ લોક અને પર લોકનું સાચું સુખ પ્રાપ્ત કરવું હોય તે સર્વને ખાસ જરૂર છે.

સત્ય બોલવાની જરૂરીયાત સમજાતાં સત્યનું સ્વરૂપ બોલનારે પ્રથમથી સમજવું જોઇએ. કારણ સત્યને ઓળખ્યા શિવાય તેનું ગૃહણ થઈ શકતું નથી. માટે પ્રથમ સત્યનું સ્વરૂપ જાણીએ કે સત્ય કોને કહેવું. "**ખરી રીતે જગતના સર્વ વિભાગોમાં અનેક મત–પંથ છે" પણ ભારતખંડમાં તેનો પોકાર વધારે ચાલી રહ્યો છે એટલુંજ નહિ પણ જુદા જુદા મતવાળા "પોતપોતાના વાડાનું રક્ષણ કરવા માટે" પરસ્પર લડે છે, અને એક બીજાનું ખંડન કરે છે, ને ઐક્ય કરવાને નામે ભારતવાસી ભાઈઓના મનમાં ભેદ જુદાઇ ઉત્પન્ન કરે છે.**" આટલું બધું છતાં "**સત્યનો સર્વત્ર વિજયિજ છે**" કોઇ પણ મત–પંથ એવો નથી કે જે સત્યનું અવલંબન ન કરે હિંદુ અને મુસલમાનોએ બહારથી એક બીજાથી ઉલટા ચાલવા માંડયું એટલે હિંદુઓએ પૂર્વ દિશા માની ત્યારે મુસલમાનોએ પશ્ચિમ માની એમ બાહારના ઘણાઃ ખરા દેખાવમાં ઉલટા ચાલ્યા, પણ જ્યારે ખરૂં રહસ્ય આવ્યું ત્યારે તો હિંદુને મુસલમાન એકજ રસ્તાપર ચાલવા લાગ્યા, અર્થાત્ બેઉએ

પોતપોતાના ધર્મમાં સત્ય બોલવાનુંજ સ્વીકાર્યું. એક સત્યને એક અસત્ય એમ જુદાઇ નજ બતાવી " રસ્તાપર વાંકો ચાલનાર સર્પ દરમાં સીધોજ પ્રવેશ કરે " એજ ઘાટ અત્રે થયો. અર્થાત્ બેઉએ સત્ય બોલવાનુંજ ઠરાવ્યું. માત્ર હિંદુ અને મુસલમાન બેજ ધર્મવાળાએ સત્યમાં ઐક્ય સ્વીકાર્યું એમ નહિ પણ " **આખા જગતમાં એક બીજાથી મળતા અને એક એકથી જુદા પરસ્પર દ્વેષી, જેટલા ધર્મ છે એમાં એક પણ ધર્મ એવો નથી કે જેણે સત્યની મદદ ન લીધી હોય ! !** " અર્થાત્ સર્વ ધર્મમાં સત્ય બોલવાની આજ્ઞા છેજ; ત્યારે સત્ય સ્વરૂપનો વિચાર કરવો તે પણ એવો હોવો જોઇએ, કે તેને સર્વ માન્ય કરે. સત્યનું સ્વરૂપ સમજાવતાં શાસ્ત્રકાર કથન કરે છે કે " **ત્રણે (ભૂત, ભવિષ્ય, ને વર્તમાન) કાળમાં જેનું સ્વરૂપ ના બદલાય- એકનું એકજ રહે—તે સત્ય** " આ સ્વરૂપ સમજતાં સત્ય બોલનારે પણ જાણવું જોઇએ, કે પોતાનો બોલ એવો હોવો જોઇએ કે સર્વ સમયે તે – સત્યજ રહે તેને ફેરવવાનો પ્રસંગ કોઈપણ સમયે ને કોઇ પણ સ્થળે, ગમે તેટલી મુસીબતો પડે છતાં આવેજ નહિ એવા પ્રકારથી બોલવામાં આવે, અથવા એવું બોલતાં આવડે તેનુંજ નામ સત્ય બોલવાની કળા છે. અને આ કળા સાધ્ય કરનાર જે ધારે તે સર્વ કરી શકે છે. અને સર્વત્ર તેનો વિજય થાય છે. કારણ એ પણ વેદ વચન છે. કે " सत्यमेवजयते " સત્યનોજ જય છે. ત્યારે હવે પ્રશ્ન માત્ર એ રહે છે, કે " આપણે કેવી રીતથી બોલવું, કે જે શબ્દ કોઇ પણ કાળમાં ન ફરતાં અખંડ એક રૂપેજ રહે ? એ શિક્ષણ જાણીને ગ્રહણ કરવાની સર્વ સુમેપ્સુ હોવાથી સર્વને બહુજ જરૂર છે. માટેજ સત્ય બોલવાની કળા એ વિષયને અત્ર ચર્ચવામાં

આવે છે અને શ્રી પરમાત્મ કૃપાથી જ્યાં સુધી બનશે ત્યાં સુધી એ કળાને અત્રે સ્પષ્ટ કરવા પ્રયત્ન થશે; તેની પરિપૂર્ણતા થવી કે અપૂર્ણતા રહેવી એનો નિર્ણય વાંચક બન્ધુઓનેજ સોંપવામાં આવે છે માત્ર શ્રી કૃષ્ણ પરમાત્માના વચનાનુસાર "कर्मण्येवाधिकारस्ते माफलेषुकदाचन" કર્મ—પ્રયત્ન કરવાં એજ મનુષ્યનો અધિકાર છે. ને પ્રયત્નની યોગ્યતાનુ સાર ફળ આપવું. તે કાર્ય શ્રી પરત્માનું છે. માટે અત્ર તે કળાનું સ્વરૂપ સ્પષ્ટ કરવા ચિતેકાગ્ર પૂર્વક પ્રયત્ન થાય છે· ફળ શ્રી પરમાત્માની કૃપાનુસાર આવો અસ્તુ.

સત્ય અને તેનું સ્વરૂપ એ જેમ સર્વ માન્ય છે, તેજ પ્રમાણે સત્ય બોલવાની કળા સર્વ માન્ય થઈ શકવી કઠિણ છે. કારણ કળા-યુક્તિ દરેક મનુષ્યને પોતાની ભિન્ન ભિન્ન પ્રકૃતિને લઇને જુદા જુદા સ્વરૂપે રૂચે છે, અને તેથી તેના અનેક ભેદઃ પડે છે. તો પણ સત્યને એથી કોઈ પ્રકારનું નુકસાન નથી. જેમ એકજ શાકર જુદા જુદા બીબાંમાં પડી અનેક રૂપે થાય છે, પણ સર્વમાં ગળપણ એકજ પ્રકારનું છે. તેમ સત્ય પણ એક છતાં જુદા જુદા પ્રકારની યુક્તિમાં આવતાં જુદા રૂપે દેખાય છે. છતાં સત્ય તે સત્યજ છે. જો કે યુક્તિ—ક – ળાના બાહ્ય રૂપમાંજ માત્ર ભેદ હોય છે. બાકી આંતરથી તો સર્વ રચના એકજ પ્રકારની હોય છે, કારણ સર્વનું કેન્દ્રસ્થાન સત્ય છે. તેથી સત્યની પાસે જતાં સર્વ પ્રથક કળાઓ પણ એકજ પ્રકારની થઈ જાય છે, એજ સત્યનું ચમત્કારીપણું છે.

સત્ય બોલવું એમાં યુક્તિઓ-કળાઓ-અનેક છે, પણ સર્વોતમ કળાતો એજ છે, કે જેમ મનુષ્યો અફીણ ખાવાની, ગાંજો પીવાની, તંબાકુ સુંઘવાની વગેરે અનેક પ્રકારની ટેવો પાડે છે તેમ સત્ય બોલવાની પણ ટેવ પાડવી એટલે ટેવ પડતાં પછી અનાયાસે સત્ય બોલાયેજ જવાનું, અને એમાં કાંઈ વિચાર કરવાનું પણ રહેશે નહિ; કારણ સત્ય બહુજ સરલને સાદું છે, વિચાર માત્ર એજ કરવાનો રહે છે કે એ ટેવ પાડવી શી રીતે ? ? તો તેના જવાબમાં જણાવવાનું એજ છે કે હરકોઇ પ્રકારની ટેવ પાડવાને માટે સંગત, સોખ, અને વસ્તુપર પ્રેમને પ્રેમ પૂર્વક તેનું સેવન જો કરવામાં આવે તો જરૂર સારી કે નહારી ગમે તે ટેવ પડવાનીજ, માટે પ્રથમ તો સત્ય બોલના રનીજ મિત્રતા કરવી અને સત્ય બોલવાનોજ શોખ ધરાવવો અને દરેક બાબતમાં પોતે સત્યંનું સ્વરૂપ શોધી કાઢી સત્યજ બોલવું ત્યારે સત્યનું સ્વરૂપ શું ? તો વિચારશીલ પુરૂષો કહે છે કે " ત્રણે કાળમાં જેનું સ્વરૂપ બદલાય નહિ તે સત્ય" તેથી વાંચકને વિચાર થશે કે ત્રણે કાળમાં એક સરખું રહે એવું તો આપણાથી બોલાય શી રીતે ? તો તેનો ખુલાસો એજ છે કે મન, વચન, અને ક્રિયાએ ત્રણે ની જેમાં એકયતા થતી હોય, તેનું નામ સત્ય દાખલા તરીકે બે માણસને આપણે લડતા જોયા હોય, તેમણે પરસ્પર મારા મારી કરી હોય તેમાંથી પ્રથમ મારનાર આપણો સંબંધી થતો હોય, પછી તેની સાક્ષી પુરવાનો વખત આવે ત્યારે સંબંધીની શરમથી અથવા તેને માઠું લાગશે. એવી બીકથી " આપણે મનથી જાણીએ છીએ કે આ ગુનેહગાર છે. છતાં વાણીથી કહીએ છીએ કે " તેણે પ્રથમ હાથ ઉપાડયો નથી " આ ક્રિયામાં મન અને વાણી જુદાં પડયાં એટલે તે જુઠું થયું અને તે કાળ વીતી જાય ત્યારે ભવિષ્યમાં પણ પુનઃ પૃચ્છા

કરવામાં આવે તો, આપણે જુઠું બોલવાની જરૂર પડે છે તેથી **"મન વચન, ને કર્મની જેમાં એકચતા રહી શકે તેજ સત્ય,"** એ લક્ષ વારંવાર રાખવાનું હોય છે, તેની સાથે બીજું પણ એકલક્ષ્યમાં રાખવાનું હોય છે કે જેમ વ્યસની ઘરમાં એકલો હોય કે હજારો માણસની વચમાં બેઠો હોય, ઘરની સ્થિતિ તવંગર હોય કે રંક ગરીબ હોય, પોતે બાળક હોય, જુવાન હોય. કે છેક ઘરડો હોય, શરીરે હૃષ્ટ પુષ્ટ હોય કે પછી છેક શક્તિ હિણુ હોય, ઉચ્ચ જાતિનો હોય, કે નીચો હોય, રોગી હોય કે નીરોગી હોય, દેશમાં હોય કે વિદેશમાં હોય, લાભ થવાનો સંભવ હોય, કે ગેરલાભ થવાનો સંભવ હોય, ટુંકામાં તે ગમે તેવા પ્રકારના સંજોગમાં હોય; પણ પોતાના વ્યસનનો જ્યાં સમય આવે છે, ત્યાં એ કશાનો વિચાર કરતો નથી, કોઇની શરમ રાખતો નથી, અને પ્રેમ પૂર્વક તેના અનેક પ્રકારના ગુણનું સ્મરણ કરતો કરતો પોતાનું વ્યસન સેવે છે. તેજ પ્રમાણે સત્ય બોલનારે પણ ગમે તેવા પ્રકારના સંજોગમાં શરમ કે બીક રાખ્યા વગર પ્રેમ પૂર્વક પોતાની સત્ય ટેવને અનુસરવું. અરે કદાપિ પોતાનું સર્વસ્વ અને પ્રાણ જતાં હોય, તો પણ પોતાની ટેવનો પરિત્યાગ ન કરવો જુઓ હરિશ્ચંદ્રને પોતાના એક વચનની ખાતર રાજ્ય છોડી પોતાને સ્ત્રીને અને છોકરાને જુદાં પડી વેચાવું પડયું. નીચમાં નીચ અંત્યજની નોકરી કરવી પડી, અને તેમાં અંતમાં પોતાનાજ હાથથી પોતાની પ્રિયાનો ઘાત કરવાનો સ-

---

મય આવ્યો, તો તે સર્વ કબુલ કર્યું; પણ પોતાનું વચન તો નજ ફેરવ્યું. પ્રહલાદના મનથી એ નિશ્ચય હતો કે, પરમાત્મા સર્વત્ર વ્યાપક છે. તો પોતાની વાણી પણ તેવાજ પ્રકારની રાખી અનેક કષ્ટ સહન કર્યાં, પણ પોતાનું વચન નાજ ફેરવ્યું. તો હરિશ્ચંદ્ર અને પ્રહલાદ એ ઉભયના અંતીમ પરિણામમાં સત્ય–પરમસત્ય–એજ પરમાત્મા રૂપે પ્રકટ થયું તેજ પ્રમાણે પરમ પ્રેમથી ગમે તો પોતાને લાભ થતો હોય કે હાનિ થતી હોય, સર્વ મનુષ્યો માનની નજરથી જોતાં હોય, કે અપમાન આપતાં હોય, સુખ મળે એવું ભાસતું હોય કે, દુઃખ પોતાનું ભયંકર સ્વરૂપ ધારણ કરી સામે ડોકિયાં કરતું હોય; ગમે તેમ હો પણ શાન્ત અને નિર્ભય રહી સત્યજ બોલવું, સત્ય બોલવાની કળામાં અન્ય કોઇ બળની જરૂર નથી માત્ર મનોબળનીજ જરૂર છે. મનુષ્ય જો પોતાના મનો બળને વધારે તો સહજમાં તે સત્ય બોલી શકે તેમ છે. અને જેમ બાહ્ય કસરત કરવાથી શરીર સુદૃઢ થઇ બળવાન બને છે, તેમ દરેક વખતે બોલવાનો અભ્યાસ કરવાથી મનોબળને પણ કસરત થાય છે, અને સત્ય–તે દરેક વખત કેળવાતું જાય છે. જેમ એક બેઠક કરનાર પુરૂષ શરૂઆતમાં પોતાની શક્તિ પ્રમાણે પાંચ. દશ, પંદર કે પચીશ બેઠક કરે છે; પછી ધીમે ધીમે તે પોતાના અભ્યાસને વધારે છે, તે એટલો વધે છે, કે હજાર બેઠક કાઢે તો પણ થાકતો નથી, તેમ સત્યનો અભ્યાસી પણ નાના પ્રસંગોમાં સત્ય બોલવા લાગે છે તો તેનું મન એવું બળવાળું થાય છે, કે ગમે તેવા મહાન પ્રસંગમાં પણ તે નિર્ભય રહી સત્ય વદી શકે છે. અને એવો મહાન અભ્યાસ થતાં તે એવું તો બળીષ્ટ બને છે, કે પ્રાણ સંકટ આવી પડે તો પણ પોતાનું સત્ય છોડતું નથી, અને સત્યજ બોલે છે. એ પ્રમાણે મનોબળ પણ સંગને શોભાથીજ વધે છે.

વળી સત્યનું સ્વરૂપ કાંઇ આંટી ઘુંટીવાળું નથી, કે તેને ઓળખી ન શકાય. નાનું પાંચ વર્ષનું બાળક પણ સત્યને જાણી શકે છે. કારણ સત્ય સર્વત્ર વ્યાપક છે, પણ તે મમત્વ રહિત છે. વળી માન અને અપમાન ઉભયને સમ ગણનાર છે. તેથી કોઇ વ્યક્તિ જ્યારે તેનો આશ્રય છોડી દે છે, ત્યારે તે તેને પરાણે પકડી રાખતું નથી. સત્ય અપાર કોમળ છે, છતાં સમયે વજ્ર જેવી કઠિણતા પણ ધારણ કરે છે, ને પોતાનું શરણ ગ્રહણ કરનારનું અનુપમ રક્ષણ કરે છે, પણ તેની જે ઇચ્છા કરતું નથી, તેની પાસે માથા મારવા જાય એવું પણ તે નથી, તેમજ એનું કોઈ સેવન કરે તો તેની પાસેથી તે ખસતું નથી; છતાં એ સત્ય જાણવાનો સર્વને અધિકાર છે, પણ પોતાનું એકલાનું કરી લેવાનો કોઇનો અધિકાર નથી માટે સત્યને જાણી તેને અનુસરવા પ્રયત્ન કરવો પણ અમે સત્યને અમારૂં કરી લીધું છે, એમ માની કદાપિ પણ પરીક્ષા આપવા જવું નહિ. તેની સાથે સત્યને અનુસરતાં અનાયાસે કોઇ વખત કસોટીનો પ્રસંગ આવે તો તેમાં પાછા પણ ન પડવું. અર્થાત્ ગમે તે રીતે કસતાં સત્યાલંબન ન છોડવું, તો અંતમાં " જરૂર સત્યનો જય થવાનોજ " આવા પ્રકારથી સત્યનું સેવન કરનારનેજ સત્ય કેમ બોલવું એની અનેક પ્રકારની યુક્તિઓ મળી આવે છે. જેમ ચોર લોક કાંઇ ભણેલા હોતા નથી, તેમજ ચોરી કેમ કરવી તેનાં પુસ્તકો છપાયાં નથી છતાં કયા સમયે કેમ ચોરી કરવી અને કેવી યુક્તિ કરવી વગેરે અનેક બાબતો ચોર લોકો " મારામાં ચોરી કરવાની શક્તિ છે " એ નિશ્ચયને વિશ્વાસમાંથી સર્વ શોધી કાઢે છે. " જોકે આ વિચાર અસભ્ય છે તોપણ શ્રદ્ધા સાથે તેને જોડતાં અનેક યુક્તિઓ નીકળી આવે છે કારણ કોઇ પણ વાતમાં અનેક યુક્તિઓનો અપાર ભંડાર રહેલો છે પણ તે સર્વની ચાવી—કુંચી— શ્રદ્ધા છે. તે જો પ્રાપ્ત

કરવામાં આવે તો પછી કળાઓનો તો પાર નથી એટલી મળી આવે તેમ છે તેજ પ્રમાણે હરકોઇ મનુષ્ય જ્યારે " હું સત્યજ બોલીશ સત્ય બોલવાની મારામાં શક્તિ છેજ " એવા પ્રકારના નિશ્ચયપર આવી તેમાં શ્રદ્ધા ધારે છે, અને દરેક વખત સત્ય બોલવા લાગે છે, તો જરૂર તે સત્ય બોલી શકેજ છે, અને કયે સમયે સત્ય કેમ બોલવું તેની અનેક યુક્તિઓ તેને જે વખત ને જેવી જોઇએ તેવી ને જેટલી જોઇએ તેટલી મળી આવે તેમ છે. એમાં કાંઈપણ શંકા ધરવા જેવું છેજ નહિ.

માટે શ્રદ્ધા સાચી શ્રદ્ધા-અમોઘ શ્રદ્ધા બળવતી શ્રદ્ધા કેવળ વાણી જેવા ઉપલક પાયાપરની નહિ પણ કૃતિ પર્યંત જેના ઊંડા પાયા પહોંચેલા હોય એવી પાકી શ્રદ્ધા દરેક મનુષ્યે ધારણ કરવી જોઇએ તો અત્ર જે લખવામાં આવી છે તેવી એક નહિ પણ કરોડ પ્રકારની યુક્તિઓ કળાઓ તેને મળી આવશે, અને કયા સમયે કસોટીને સહન કરતાં સત્યને કેમ જાળવવું તથા સત્ય બોલતી વખત કેવા વિચાર કેમ કરી લેવા તે સર્વ બાબત જે દર્પણમાં મુખ જોતાં આપણને સ્પષ્ટ ભાન થાય છે તેમ આંતરદર્પણમાં દેખાય છે માટે શ્રદ્ધાની સર્વથી પ્રથમ જરૂર છે ને શ્રદ્ધાપરજ આધાર રાખી વેદ વદે છે કે " सत्यंवद " " સત્યબોલ " વેદ એ સર્વજ્ઞ પરમાત્માનાજ રચેલા છે, અને વળી તે પરમાત્મા આખા જગતના માતાપિતા છે, સંસારના સ્વાર્થ પરાયણ માતાપિતા પણ પોતાના બાળકની શક્તિ વિચારીનેજ તેને કાર્ય બતાવે છે. જે પ્રકારની શક્તિ પોતાના બાળકમાં ન હોય તેવા પ્રકારનું કઠિણ કામ સમજુ પિતા પોતાના બાળકને કદાપિ પણ બતાવતા નથી તો સર્વજ્ઞ અને દયાળું જે ઇશ્વર આપણો પિતા છે, તે પણ આપણી શક્તિ વિચારીને આપણને કાર્ય બતાવે છે આપણામાં શક્તિ ન હોય તેવા પ્રકારનું કાર્ય આપણને કદિપણ બતાવેજ નહિ તો સત્ય બોલવું

એ શક્તિ આપણામાં રહેલી છે એમ જાણીનેજ પરમાત્માએ આપણને આજ્ઞા કરી છે. તો પછી કોઈ માણસ એમ ધારણા બાંધે કે મારામાં સત્ય બોલવાની શક્તિ છે, એમાં એ જરા પણ જુઠો નથી તેમ કોઈ પણ પ્રકારથી તેમાં તેની અંધશ્રદ્ધા પણ નથીજ પણ તેની શ્રદ્ધા યોગ્યજ છે અને આવી યોગ્ય શ્રદ્ધા એજ સત્ય બોલવાની મુખ્ય કળા છે અને તેનો આશ્રય કરનાર અનેક ઇતર કળાને પણ પ્રાપ્ત કરે છે " તો તે સત્ય સ્વરૂપ પરમાત્માને અંતમાં એજ વિનંતી છે કે સર્વ પ્રાણીના અંતરમાં રહેલી સત્ય બોલવાની શક્તિનું સર્વ પ્રાણીને સત્ય ભાન સમરપી તેમાં સત્ય શ્રદ્ધાને જાગૃત કરાવી તેને શરણ થવાની સત્ય વૃત્તિ જાગૃત કરી સતત તેવા સુપ્રયત્નમાં જોડે " એવી વિનંતી કરતાં આ કળાનો અંત આણી લેખકની વૃત્તિ પણ તે સત્યસ્વરૂપમાંજ સમે છે અસ્તુ ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

ધ્યાન આપો તદન સાચી વાત છે.
જુઠું બોલવું ને ઝખ મારવી બરાબર છે.
વેપાર, ગુરૂ, તથા હુન્નર ઉદ્યોગ એ શું છે.

એ એક ઉત્મ પુસ્તક છે ને તે નીચેના તમામ પુરૂષાર્થો તથા તત્વોથી ભરપુર છે.

વેપાર ગુરૂ. સુરતના પ્રાચિન વેપાર ઇતિહાસથી ભરપુર છે.
વેપાર ગુરૂ, હિંદુસ્તાનના વેપારનો સર્વોપરી ગ્રંથ છે.
વેપાર ગુરૂ. વેપાર કળાથી ભરપુર છે.
વેપાર ગુરૂ. સર્વોપરીપણુ વેપારમાં અપાવે છે.
વેપાર ગુરૂ. વેપારના કાયદા તથા રીવાજોથી જાણીતા કરે છે.
વેપાર ગુરૂ. વેપારની ઉત્મ કુંચીઓ ધરાવે છે.
વપાર ગુરૂ. હુન્નરબાજોને હુન્નર એનાયત કરે છે.
વેપાર ગુરૂ. ઉદ્યોગીજનોને ઉદ્યોગવાન બનાવે છે.
વેપાર ગુરૂ. આળશુઓને, (આળશ રહીત કરી) ઉદ્યોગી બનાવે છે.
વેપાર ગુરૂ. થી સારીરીક ગ્નાન પ્રાપ્ત થાય છે.
વેપાર ગેરૂ. અમેરિકન વેપારીઓના વેપારને પણ હઠાવે એવું સીક્ષણુ આપે છે.
વેપાર ગુરૂ. એ એક ખરેખરો, વેપારનો ગુરૂજ છે.
વેપાર ગુરૂ. વેપારમાં ગમે તેટલી ખોટ ગઇ હોય તો એ પણ તેને તારી શકે છે.
વેપાર ગુરૂ. નવીન નવીન વેપારો કરતા શીખવે છે.
વેપાર ગુરૂ. એ એક સદાચરણીનો સાચો મિત્ર છે.
વેપાર ગુરૂ. એ એક સત્યવાનોને સત્યસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે.
વેપાર ગુરૂ. એ અસત્યોને સત્ય તરફ દોરે છે.

એક ખરી વાત   સાચોજ નમુનો   સત્ય વાત.

"વિનયબાલ."

આ નામનું પુસ્તક હમારા તરફથી થોડાજ વખતમાં બહાર પડનાર હતું પણ તે કેટલાક કારણોથી છપાવવામાં આવ્યું નથી તેમાં મુખ્ય કારણ તો એજ છે કે એ પુસ્તકને હમારો વિચાર જેમ બને તેમ ઉત્તમમાંઉત્તમ બનાવવાનો છે. અને તેથી તેના ઉમદાપણાના કાર્યને માટેજ આટલી અને હવે પછીની જે કંઇ ઢીલ થાય તે સમજી લેવી.

એ પુસ્તકના ઉત્તમ વિષયોનું કાર્ય આજ લગભગ છ મહીના થયા ચાલુ છે ને હજુ છ મહીના બીજા પહોચે એમ છે એ પુસ્તક નવેરસથી ભરપુર, પુરૂસના પુરૂષાર્થનો ભંડાર, પ્રયાસના ઉત્તમ સાધનોનો સંગ્રહ. (જાત્રાવાસીઓને ઊપયોગી) પુરૂષે પાળવું જોઇતું બ્રહ્મચર્ય. સ્ત્રીઓનું સતીતત્વ, વિધવાઓનું કર્તવ્ય વગેરે વગેરે ઘણી બાબતોથી ભરપુર, નવાજ માનાને અનુસરતું, કોઇ પણ પુસ્તક એની બરાબરી નહિ કરી શકે એવું. પરમાત્માના ગુહ્ય ભેદોથી ભરપુર બનેલું એ પુસ્તક છ માસ પછી બહાર પડશે. તો તેને માટે સર્વેએ તૈયારી રાખવી. એજ.

આગળથી ફક્ત નામ નોંધાવનાર પાસેથી ચઉદ આના. તાકીદે નામ નોંધાવો.

પાછળથી ઘરાક થનારને રૂપિઆ સવા આપવો પડશે.

ઠેકાણું.

વી. ગો. મહેતા. હરીપુરા શુંબ્રફલીયા-સુરત.

અગાઉથી નામ નોંધાવશો તેમજ મફત થશે. મફતો ...
છે. એમ સમજીને પાર્ટ આપવા બંધાતી નથી. ફક્ત નામ ...
તો લખી મોકલો. પણ મુલ્ય લેવું હોય તેમજ.

આ વેપારીઓ તેમારે માટે વેપ રીઓના આગ્રહે

"વેપાર-ગુરૂ તથા હુનર ઉદ્યોગ

આ નામનું પુસ્તક ખાસ વેપારીઓના ફરમાસથ...
માં આવેલ છે. તે દરેક વેપારીઓને વેપાર કરતા
છે એટલુંજ નહિ પણ અજાણ્યું જુઓ માણસને પણ
કેમ કરવો તેનું ગ્નાન કરાવે છે. તો ખચીત વેપારીઓ...
...ઓને તો સર્વોપરી ગ્નાન આપે. (વેપાર કરતા શીખવે) તેમાં
તો નવાઈજ શું. લખી મોકલો ઉપરને સરનામે.

અગાઉથી નામ નોંધાવનારને રૂ. ૦-૧૨-૦ પાછળથી
રૂ૦ ૧-૦-૦

અમારે ત્યાં વેચાતા પુસ્તકો

	કીમત રૂ. આ. પૈ.
રત્નસિંહ નોવેલ (સત્યના રહસ્યથી ભરપુર)	૦—૬—૦
વિરસિંહની ધર્મધ્વજ (સત્યતાના ચમત્કારોથી ભરપુર)	૦—૧—૦
સત્ય બોલવાની કળા (સત્યના શોખીનોને ખાસ ઉપયોગી)	૦—૧—૦

એ સિવાય બીજા જોઇતા પુસ્તકો પુરા પાડવામાં આવશે.

મળવાનું ઠેકાણું.

શા૦ વીઠલદાસ ગોકળદાસ
ફોફુરા ચુન્નર ફળીઆ—સુરત.